# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

**************************************************

1) મ્યાનમારમાં આવેલા વિનાશક ભૂકંપને કારણે બે હજાર 56 લોકોના મોત... સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, નરેન્દ્ર મોદી સરકારે છેલ્લા એક દાયકામાં આરોગ્ય માળખાની કાયાપલટ કરી
3) સસંદમાં રજૂ થનારા વકફ સુધારા બીલ અંગે ભ્રમ ન ફેલાવવા વિરોધીઓને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ અપીલ કરી
4) દિલ્હી અને પંજાબમાંથી પોલીસે મોટી માત્રામાં ડ્રગ્સનો જથ્થો ઝડપીને ચાર નાઇજીરિયન સહિત છની ધરપકડ કરી
5) સમગ્ર દેશમાં ઇદ-ઉલ- ફિત્રની ઉત્સાહ , ઉમંગ અને ભાઇચારા સાથે ઉજવણી
6) મુંબઇ ઇન્ડિયન્સ અને કોલકત્તા નાઇટ રાઇડર્સ વચ્ચેની આઇપીએલની મેચમાં મુંબઇએ ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MYANMAR-THAI QUAKE

મ્યાનમારના મધ્ય ભાગમાં આવેલા શક્તિશાળી ભૂકંપને પગલે મૃત્યુઆંક બે હજાર 56ને વટાવી ગયો છે અને ત્રણ હજાર 900થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે તેમજ 270 લોકો લાપતા છે. મ્યાનમારના હવામાન અને જળવિજ્ઞાન વિભાગે અહેવાલ આપ્યો છે કે આજે સવાર સુધીમાં 2.8 થી 7.5 ની તીવ્રતા ધરાવતા 36 આફ્ટરશોક આવ્યા છે.

આજે સાત દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત કરતાં મ્યાનમારની રાજ્ય વહીવટી પરિષદના અધ્યક્ષ વરિષ્ઠ જનરલ મિન આંગ હ્લાઇંગે જણાવ્યું હતું કે, આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાશે.

મ્યાનમારમાં રાહત અને બચાવ કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરાઇ છે. બીજી તરફ થાઇલેન્ડની રાજધાની બેંગકોકમાં 19 લોકો માર્યા ગયા છે અને 33 ઘાયલ થયા છે. થાઇલેંડમાં કાટમાળ નીચે દબાયેલા 75થી વધુ લોકોને બચાવવાની કામગીરી તંત્ર દ્વારા કરાઇ રહી છે.

# INDIA - MYANMAR

બીજી તરફ ગઈકાલે માંડલેમાં ભૂકંપના સ્થળો પર પહોંચ્યા પછી, ભારતની રાહત અને બચાવ  ટીમો બચી ગયેલા લોકોની શોધ અને તબીબી ,આપત્તિ અને રાહત સહાયમાં સતત કાર્યરત છે. મ્યાનમારના યાંગૂનમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, માંડલે અને યાંગૂનને વધુને વધુ સહાય મળી રહી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ભારત માંડલે, નાયપિટો, સાગાઇંગ અને બાગોના તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે. દૂતાવાસે કહ્યું કે, ભારત આપત્તિના સમયે મ્યાનમારના અસરગ્રસ્ત લોકો સાથે છે અને ઝડપથી સ્થિતિ સામાન્ય થાય તેવી પ્રાર્થના કરી રહ્યું છે.

# AMIT SHAH HISAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, નરેન્દ્ર મોદી સરકારે છેલ્લા એક દાયકામાં સમગ્ર દેશમાં આરોગ્ય ક્ષેત્રમાં સુધારો કરવા માટે સર્વગ્રાહી અભિગમ અપનાવીને દેશના આરોગ્ય માળખાનું ઉત્થાન કર્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે પ્રાથમિકથી તૃતીય સ્તર સુધી આરોગ્ય માળખામાં સુધારો કરવામાં આવ્યો છે. તેઓ આજે હરિયાણામાં હિસાર ખાતે મહારાજા અગ્રસેન મેડિકલ કોલેજ કેમ્પસમાં મહારાજા અગ્રસેનની પ્રતિમાનું અનાવરણ કર્યા બાદ ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરી રહ્યા હતા.

(બાઇટ- અમિત શાહ , કેન્દ્રીય મંત્રી)

# WAQF BILL

કેન્દ્રીય સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે જણાવ્યું હતું કે, કેટલાક રાજકીય પક્ષો, સંગઠનો અને જૂથો વકફ સુધારા બિલ અંગે મૂંઝવણ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે દેશમાં આવા ભ્રમ ફેલાવવાનું બંધ કરવાની  અપીલ કરી છે. સરકાર આ બિલ સંસદમાં લાવવા જઈ રહી છે અને વિપક્ષને તેના પર તાર્કિક ચર્ચા કરવા વિનંતી છે.

તમામ રાજકીય પક્ષોને બિલ પરની ચર્ચામાં ભાગ લેવા તેમણે વિનંતી કરે છે.

(બાઇટ- કિરણ રિજજ્જુ, સંસદીય કાર્ય મંત્રી)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AMIT SHAH DRUGS RACKET

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે દિલ્હી-એન. સી. આર. માં એક મોટા નાર્કો નેટવર્કનો પર્દાફાશ થયો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે જણાવ્યું હતું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો-એન. સી. બી. અને દિલ્હી પોલીસે ગેંગને પકડી લીધી હતી અને 27 કરોડ રૂપિયાથી વધુની કિંમતના પ્રતિબંધિત નશાકારક પદાર્થો જપ્ત કર્યા હતા.

એનસીબીની ટીમે ચાર  નાઇજીરિયન સહિત  પાંચ લોકોની ધરપકડ પણ કરી હતી. શ્રી શાહે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે ઝડપાયેલા ચારેય નાઇજીરિયન વિદ્યાર્થી વિઝા ઉપર ભારતમાં રહેતા હતા અને એનસીઆરની યુનિવર્સિટીઓમાં અભ્યાસના નામે ડ્રગ્સ અને ક્રિપ્ટો જેવા ગેરકાયદે કૃત્યોમાં સામેલ છે.

શ્રી શાહે આ મોટી સફળતા માટે એન. સી. બી. અને દિલ્હી પોલીસની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકારે માદક દ્રવ્યો સામે ઝીરો ટોલરન્સની નીતિ  અપનાવી હોવાથી માદક દ્રવ્યોના વેપારને નેસ્તનાબૂદ કરવા માટે સરકાર કટિબધ્ધ છે.

# PUNJAB-DRUGS

પંજાબ પોલીસે તરણ તારણમાં એક ડ્રગ્સ પેડલરની ધરપકડ કરીને તેની પાસેથી 15 કિલો હેરોઈન જપ્ત કર્યું છે. આ ડ્ર્ગ્સ માફિયા પાકિસ્તાન અને અમેરિકા સ્થિત ડ્રગ સિંડિકેટ્સ સાથે સંકળાયેલો છે.

પંજાબ પોલીસ પકડાયેલા આરોપીની સઘન પૂછપરછ કરી રહી છે.

# ASSAM AFSPA

આસામ સરકારે દિબ્રુગઢ જિલ્લામાં સશસ્ત્ર દળો વિશેષ સત્તા ધારા- AFSPAને 31 માર્ચ પછી ન લંબાવવાનો નિર્ણય લીધો છે. એક જાહેરનામામાં આસામ સરકારે જણાવ્યું કે, કાયદો અને વ્યવસ્થાની સુધરેલી સ્થિતિને ધ્યાનમાં લેતાં AFSPA એક્ટ, 1958 હેઠળ દિબ્રુગઢમાં 'અશાંત વિસ્તાર' દરજ્જો લંબાવવાની જરૂર નથી. જો કે તિનસુકિયા, ચરાઇડીઓ અને સિવસાગર જિલ્લામાં આ કાયદો વધુ છ મહિના લંબાવવામાં આવ્યો છે.

# EVE J&K - EID

દેશભરમાં ઈદ-ઉલ-ફિત્ર ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી રહી છે. સમગ્ર જમ્મુ અને કાશ્મીરમાં ઈદની નમાઝ અદા કરવામાં આવી રહી છે અને ક્યાંયથી કોઈ અનિચ્છનીય ઘટનાના અહેવાલ નથી. શ્રીનગરના હઝરતબલ દરગાહ ખાતે નમાઝમાં ભાગ લેનારા શ્રદ્ધાળુઓમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા પણ સામેલ હતા. જમ્મુમાં, સૌથી મોટી જમાત ઈદગાહ મેદાનમાં થઈ હતી, જ્યાં સેંકડો મુસ્લિમો નમાઝ અદા કરવા માટે એકઠા થયા હતા. આ પ્રસંગે સાંપ્રદાયિક સંવાદિતા પણ જોવા મળી હતી, હિન્દુ અને શીખ મિત્રોએ તેમના મુસ્લિમ પડોશીઓને ઇદની મૂબારકબાદી આપી હતી.

# IPL

ઇંડિયન પ્રીમિયર લીગ IPLમાં આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. મુંબઈ ઇન્ડિયન્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે કોલકાતા નાઈટ રાઇડર્સના 5 ઓવરમાં 3 વિકેટે 36 રન થયા છે.

# TENNIS -YUKI BHAMBRI - RANKING

ભારતીય ટેનિસ સ્ટાર યુકી ભાંબરીએ કારકિર્દીની સર્વોચ્ચ 26મી રેન્કિંગ હાંસલ કરીને એટીપી ડબલ્સ રેન્કિંગમાં ટોચના 30માં સ્થાન મેળવ્યું છે. તે ભારતનો નંબર 1 ડબલ્સ ખેલાડી પણ બન્યો છે., જેણે અનુભવી ભારતીય ખેલાડી રોહન બોપન્નાના સાડા પાંચ વર્ષના વિક્રમને આંબ્યો છે.બોપન્ના હવે 44મા ક્રમે છે. ભાંબરી અને તેના સાથી પોર્ટુગલના નુનો બોર્ગેસ તાજેતરમાં જ પ્રતિષ્ઠિત મિયામી ઓપનની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા, પરંતુ આ જોડી લોયડ ગ્લાસપૂલ અને જુલિયન કેશની બ્રિટિશ જોડી સામે 6-7,6-3 થી હારી ગઇ હતી.

# BIHAR ASIA CUP

બિહાર હોકી ઇન્ડિયાના સહયોગથી મેન્સ હોકી હીરો એશિયા કપ 2025નું આયોજન કરશે. એશિયા કપની આ 12મી આવૃત્તિ હશે. હોકી ઇન્ડિયા અને બિહાર રાજ્ય રમતગમત સત્તામંડળ વચ્ચે પટણામાં કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમનું આયોજન 29 ઓગસ્ટથી 7 સપ્ટેમ્બર, 2025ની વચ્ચે કરવામાં આવશે. દક્ષિણ કોરિયા, ભારત અને પાકિસ્તાન જેવા એશિયાના ટોચના હોકી રમનારા દેશો સહિત કુલ આઠ ટીમો આ ટુર્નામેન્ટમાં રમશે.

# PAKISTAN - AFGHAN REFUGEES

અફઘાન નાગરિક કાર્ડ ધારકોને દેશ છોડવાની સમયમર્યાદા આજે સમાપ્ત થઈ રહી છે ત્યારે  પાકિસ્તાન સરકારે હજારો અફઘાન શરણાર્થીઓની ધરપકડ કરવા અને દેશનિકાલ કરવાનો આદેશ આપ્યો છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, રાવલપિંડીના પોલીસ વડાએ રાવલ, પોટોહર અને સદર વિભાગના અધીક્ષકોને જિલ્લામાં રહેતા અથવા કામ કરતા અફઘાન નાગરિકો સામે કાનૂની પગલાં લેવાના નિર્દેશ આપ્યા છે. આ ઘટનાને કારણે અફઘાન નિરાશ્રીતો મુશ્કેલીમાં મૂકાઇ ગયા છે.

આ મુદ્દે પાકિસ્તાનમાં યુનાઇટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર રેફ્યુજીઝના પ્રતિનિધિ ફિલીપા કેન્ડલરે ગઈકાલે કહ્યું હતું કે લાખો અફઘાન શરણાર્થીઓને હાંકી કાઢવાના દેશના નિર્ણયથી અફઘાન સમુદાય "હચમચી" ગયો છે તેમની આશાઓ અને સપનાઓ તૂટી ગયા હોવાનો ઉલ્લેખ કરીને  તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને વધુ જવાબદારી ઉપાડવા  વિનંતી કરી હતી.

# SRI LANKA-FLIGHT

ભારતીય એરલાઇન કંપની ઇન્ડિગોએ તિરુચિરાપલ્લી અને જાફના વચ્ચે સીધી વિમાની સેવા શરૂ કરી છે. આનાથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં વધારો થયો છે.

ઇન્ડિગોની અઠવાડિયામાં છ દિવસ ફલાઇટ ઉડાન ભરશે, જે તિરુચિરાપલ્લીથી બપોરે 1 વાગીને 25 મિનિટે ઉપડશે અને બપોરે 2 વાગીને 25 મિનિટે જાફના પહોંચશે. જાફનાથી પરત ફરતી ફ્લાઇટ બપોરે 3.10 વાગ્યે ઉપડશે અને સાંજે 4.05 વાગ્યે તિરુચિરાપલ્લી પહોંચશે. આ સેવાઓથી ભારત અને શ્રીલંકા વચ્ચે મુસાફરી અને વેપારને વેગ મળવાની અપેક્ષા છે.